વેઈટિંગ શુદ્ધ ચારિત્ર્યનું

થોડા સમય માટે અંધારું શું થયું તેમાં તો નાના મોટા દરેક માણસની અસલવૃત્તિ બહાર આવી ગઈ અને કોણ કેટલામાં છે તે ખબર પડી ગઇ

+ વાઈબ્સ

જ્ઞાનવત્સલ સ્વામી

આ અંકથી શરૂ થતી નવી કોલમ

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ફ્રાન્સમાં રાજાશાહીના વિરોધીઓ દ્વારા કિંગ લુઈને સિંહાસન પરથી ઉઠાડીને જેલમાં પૂરવામાં આવ્યો. સિંહાસનના વારસદાર એવા રાજાના પુત્રને નૈતિક રીતે પાયમાલ કરવાના હેતુથી દૂર લઈ જવામાં આવ્યો. તેને એવા લોકોની વચ્ચે રાખવામાં આવ્યો જે નૈતિકતાની દૃષ્ટિએ પતિત અને ચારિત્ર્યની દૃષ્ટિએ ભ્રષ્ટ હતા. તે શ્રદ્ધા-વિશ્વાસથી પૂરેપૂરો વિમુખ થાય તેવા પ્રયત્નો પણ કરાવાયા. સતત છ મહિના સુધી એવી પરિસ્થિતિમાં મૂકવામાં આવ્યો કે ગમે તે વ્યક્તિનો આત્મા નીચામાં નીચી કોટિ સુધી પતન પામે છતાં આ છોકરો એક પણ વાર આવા દબાણ સામે ઝૂક્યો નહીં. તેઓએ આ યુવકને પૂછ્યું : તેં કેમ કશું સ્વીકાર્યું નહીં ! આ સાંભળી તે છોકરાએ જવાબ આપતાં કહ્યું : "I cannot do what you ask of me, I was born to be a king." આ ચારિત્ર્ય છે.

આવું દૃઢ ચારિત્ર્ય એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. એટલે જ આપણી ભારતીય સંસ્કૃતિમાં બાળકોને શિક્ષણમાં જ શીલ, સદાચાર અને ચારિત્ર્યના પાઠ શિખવવામાં આવતા હતા.

આજના ભૌતિક યુગમાં જ્યારે ધન અને સમૃદ્ધિને વધારે મહત્ત્વપૂર્ણ સમજીને તે પ્રમાણે જીવનની દિશા અને દશા નક્કી કરે છે તેવા લોકોને યાદ કરાવવામાં આવ્યું છે કે

જીવનમાં સૌથી વધારે અગત્યનું ચારિત્ર્ય છે. ધનાદિક અન્ય બાબતોનો મબલખ પુરવઠો હોવાં છતાં બોક્સર મોહમ્મદ અલી અને માઈકલ જેક્શન જેવા તેજસ્વી તારલાઓને પણ કોર્ટનાં ફરમાનોએ ડાઘ લગાડ્યા છે તે જગજાહેર છે. આટલી ઊંચાઈએ પહોંચ્યા પછી પણ શા માટે માણસનું ચારિત્ર્ય આટલું વહેલું ઓગળી જાય છે. તેનું કારણ છે અંદરથી ચારિત્ર્યની મહત્તા સમજાઈ નથી. વળી, તેના માટે વિચારનું સાતત્ય પણ દેખાતું નથી.

કેવળ માન માટે, જાહેરમાં ચારિત્ર્ય બતાવવું એ ચારિત્ર્યની પરખ નથી, પરંતુ ખરેખર તો "Character is known in the dark," જ્યારે આપણા પર કોઈની નજર ન હોય ત્યારે આપણે કઈ રીતે વર્તીએ છીએ, એના આધારે આપણા ચારિત્ર્યનું માપ નીકળે છે.

૧૩ જુલાઈ, ૧૯૭૭ના દિવસે અત્યાર સુધી ક્યારેય ન બની હોય તેવી ઘટના અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં બની. સમય હતો રાતે ૯.૩૦ વાગ્યાનો. આખું શહેર અચાનક ગાઢ અંધકારમાં ડૂબી ગયું, કારણ હતું Power cut off. ગણતરીના કલાકો બાદ સવારે સૂરજે ક્ષિતિજ પરથી ડોકિયું કર્યું ત્યારે ખબર પડી કે શહેરના તમામ શૉ-રૂમ, નાનીનાની દુકાનો તથા મૉલ લુંટાઈ ચૂક્યા છે. પોલીસે તપાસ આદરી તો જાણવા મળ્યું કે સુખી ઘરના કહેવાતા લોકો પણ આ Black night robberyમાં સામેલ હતા. થોડા સમય માટે અંધારું થયું તેમાં માણસની અસલવૃત્તિ બહાર આવી ગઈ.

પ્રમુખસ્વામી મહારાજને અમેરિકામાં એક વખત ૧૦ શહેરોની 'કિ ટૂ ધિ સિટી' અર્પણ કરવામાં આવી. એક ભારતીય ધર્મગુરુ માટે આ મોટું સન્માન હતું. શહેરના નાગરિકોએ તેમના મેયરને વાત કરી, "તમે ક્યારેય પ્રમુખસ્વામીને જોયા નથી, એમના પ્રસંગમાં આવ્યા નથી, એમના જીવન વિશે કાંઈ જાણતા નથી છતાં આટલું મોટું સન્માન શા માટે આપ્યું? " ત્યારે મેયરે જવાબ આપ્યો, "તમારી વાત સાચી છે, અમે પ્રમુખસ્વામી વિશે જાણતા નથી પણ તેના યુવાન શિષ્યો આપણા શહેરમાં રહે છે. તેમનું ચારિત્ર્ય એટલું ઉત્કૃષ્ટ છે કે તેમને જોઈને અમને વિચાર આવ્યો કે જેના શિષ્ય આવા હોય તેના ગુરુ કેવા હશે."

કૂવામાં હોય તો હવાડામાં આવે, એ કહેવત પ્રમાણે ગુરુ સોળ આની વર્તે ત્યારે શિષ્ય બે આની વર્તે. પ્રમુખસ્વામી મહારાજ સોળ આની વર્તનારા ગુરુ હતા. તેમની પાસે ગંગા જેવી પવિત્રતા હતી અને હિમાલય જેવા ઉચ્ચ ચારિત્ર્યની શક્તિ હતી. જોકે એમની મૂડી હતી બે જોડી કપડાં અને એક માળા. છતાં તેમના ચારિત્ર્યથી નતમસ્તક બ્રિટન, કેનેડા, કેન્યા જેવા દેશોની પાર્લામેન્ટે તેમનું અભૂતપૂર્વ સન્માન કર્યું હતું.

ઊંચાઈની અદમ્ય ઇચ્છા

+ વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

વિષમ પરિસ્થિતિમાં પણ આગળ વધવાની ધગશ હોય, આગળ વધવાની ઇચ્છા હોય તો તમને ક્યારેય કોઇ નથી રોકી શકતું

વિખ્યાત વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસને ૧૮૭૯માં ૧૦ હજાર પ્રયોગ પછી વિશ્વમાં પહેલો વિદ્યુત બલ્બ બનાવ્યો. આપણે ટોર્ચમાં કે ટ્રાન્ઝિસ્ટરમાં જે સેલનો ઉપયોગ કરીએ છીએ તેમાં એડિસનને ૫૦ હજારથી પણ વધુ પ્રયોગ પછી સફળતા મળી હતી. વિજ્ઞાની નેપોલિયન હિલે એડિસનને પૂછ્યું હતું, ''મિસ્ટર એડિસન! જો તમને ૫૦ હજાર એક્સપરિમેન્ટ પછી પણ સફળતા ન મળી હોત તો તમે શું કરત ?'' એડિસન કહે, ''મિસ્ટર હિલ, તો હું તમારી સાથે વાતો કરીને મારો સમય બરબાદ ન કરતો હોત, પરંતુ મારી પ્રયોગશાળામાં વધારે પ્રયોગ કરી રહ્યો હોત.'' એ જ એડિસનને ૮૦ વર્ષે પૂછવામાં આવ્યું, ''તમારી સફળતાનું રહસ્ય શું ?'' ત્યારે તેમણે કહેલું, ''સફળતા તો હજુ મેળવવાની બાકી છે. હા, છતાં સફળતા મેળવવા માટે છેલ્લાં ૭૦ વર્ષથી સતત ૧૬થી ૧૮ કલાક હું મારી લેબ.માં ગાળું છું.'' ઉપરોક્ત શબ્દ ઉચ્ચારનાર એડિસનને તેના એક શિક્ષક ગૂંચવાડિયો અને મૂર્ખ કહેતા. તેના પિતા પણ તેને 'ઠોઠ અને જડ નિશાળિયો' કહેતા. પરંતુ એડિસનના મનમાં આ શબ્દોની કોઈ અસર નહોતી. કારણ તેના લોહીના પ્રત્યેક લયમાં પ્રામાણિકપણે કાર્ય કરવાની તમન્ના હતી, ઊંચાઈને પ્રાપ્ત કરવાની અદમ્ય ઈચ્છા હતી. તેથી જ તે વ્યક્તિએ વિશ્વને અપ્રતીમ સાધનોની અને નવા આવિષ્કારોની ભેટ આપી. સમગ્ર વિશ્વ તેના આ પ્રદાનનું સાક્ષી છે.

સફળતા પામવી એ મનુષ્યની ઈચ્છા પણ છે અને મનુષ્યની ફરજ પણ છે. આપણે જ્યાં હોઈએ ત્યાં અને જે કરતાં હોઈએ ત્યાં કાંઈક અધિક, કરવાની ભાવના રાખવી જ જોઈએ. એવી ભાવના સાથે પુરુષાર્થ ભળે તો મનુષ્ય સફળતાનાં શિખરો અવશ્ય સર કરે છે.

સામાન્ય પરિવારમાં જન્મેલા એક બાળકની આ ઝંખનાને સમજીએ. તેના પિતા શાળામાં શિક્ષક તરીકે કાર્ય કરી મહિને ૧૫ રૂપિયા પગાર મેળવે. ઓવરટાઈમ કરી કોઈનું નામું લખે ત્યારે માંડ માંડ ઘરમાં ખાવાના પૈસા મળે. બાળપણમાં ૧૪ કિમી. દૂર બાજુના ગામમાં ચાલીને જાય ત્યારે છાશ મળે. આવી દારુણ પરિસ્થિતિના કારણે માત્ર ૧૦ ધોરણ સુધી જ અભ્યાસ થઈ શક્યો.

એક દિવસ તેણે જૂનાગઢ શિવરાત્રિના મેળામાં પૂરી-શાકની લારી કરી પૈસા કમાવાનું નક્કી કર્યું. ઉધારીથી સામાન ખરીદ્યો. આખો દિવસ એકલે હાથે વેપાર કર્યો. પોતે જ પૂરી વણે, તળે, ગ્રાહકને આપે, વાસણ ઉટકે, પૈસા લે, પરંતુ રાત્રે હિસાબ કર્યો તો ખોટ ગઈ હતી.

છતાં હિંમત હાર્યા વિના મનમાં નક્કી કર્યું કે : ''મારે કંઈક કરવું છે.'' તેના માટે યોગ્ય અને પ્રામાણિક પુરુષાર્થ કર્યો. અંતે ૧૭મા વર્ષે આફ્રિકાના એડન શહેરમાં

બાસ & કંપનીમાં પેટ્રોલિયમના સેલ્સ ડિપાર્ટમેન્ટમાં મહિને ૩૦૦ રૂપિયાના પગારની નોકરી મળી.

પેટ્રોલ ભરવાની કામગીરી કરતાં કરતાં રોજ વિચાર આવતો કે એક દિવસ મારી પણ આવી કંપની હશે, હું પણ સફળ થઈશ. આ વિચાર સાથે ભારત આવી મુંબઈમાં ભૂલેશ્વરના કબૂતરખાનામાં એક નાની રૂમ ભાડે રાખી. વિષમ પરિસ્થિતિઓ હતી છતાં મનમાં દૃઢ નિર્ધાર હતો કે મારે સફળ થવું છે. તેથી ૧૫૦ રૂપિયામાં ઑફિસ ભાડે લીધી અને ૧૫,૦૦૦ રૂપિયામાં ભાગીદારીમાં કંપની કોર્પોરેશનની સ્થાપના કરી. જે આજે વિશ્વની શ્રેષ્ઠતમ કંપનીઓમાં અગ્રતાક્રમે છે. તે કંપની એટલે 'રિલાયન્સ કોમર્શિયલ કોર્પોરેશન' અને સફળતાની ઊંચાઈએ પહોંચનાર તે યુવક એટલે ધીરુભાઈ અંબાણી.

પૃથ્વી ઉપર વસતો પ્રત્યેક માનવ સફળતાને પ્રાપ્ત કરી શકે છે. હા, આ સફળતા સાર્થક ત્યારે બને છે જ્યારે તેમાં વિશ્વને કાંઈક આપવાની ભાવના હોય.

sanskar@sandesh.com

કાંઈક ખૂટે છે

ઈ.સ. ૧૯૨૩, શિકાગો. એડવોટર બીચ હોટલમાં નવ વ્યક્તિઓ એક મિટિંગ માટે એકત્રિત થઈ હતી. આ નવ વ્યક્તિઓમાં **'world's most successful financiers in terms of money, these financial giants almost literally ruled the world'** 'તેઓ દુનિયાના સૌથી સફળ મૂડીદાર અને રોકાણકારો હતા. ધનની દૃષ્ટિએ આ નવ વ્યક્તિઓ એ સમયે દુનિયા પર રાજ કરતા હતા.'

'ગ્લેન બ્લાન્ડ' નામના લેખકે પોતાના પુસ્તક 'success'માં આ ઘટનાનો ઉલ્લેખ કરી નોંધ્યું છે કે આ નવ વ્યક્તિઓના ઉત્તર જીવનકાળ

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પર તપાસ કરવામાં આવી તો ૨૫ વર્ષ પછી આ નવમાંથી ૩ વ્યક્તિ આપઘાત કરીને મરી ગયેલી, ૨ વ્યક્તિ જેલમાં સબડતી હતી અને ૨ વ્યક્તિએ દેવાળું ફૂંક્યું હતું.

આવા તો ઘણા લોકોને આપણે જાણતા હોઈશું કે જેઓ એક સમયે પોતાના ક્ષેત્રમાં બેતાજ બાદશાહ હતા અને જોતજોતામાં નિષ્ફળતાની ગર્તામાં વિલીન થઈ ગયા.

અહીં એક પ્રશ્ન સ્વાભાવિક ઊભો થાય કે તેઓની આવી બરબાદીનું કારણ શું હતું? શિક્ષણ, સત્તા અને સંપત્તિની ટોચ ઉપર બેઠેલા આ પ્રભાવશાળી વ્યક્તિઓના જીવનમાં શું ખૂટતું હતું? કેમ અસીમિત સાધનોનો સરવાળો શૂન્ય જ બની રહ્યો ? આ પ્રશ્નના જવાબમાં ઉત્તર મધ્યકાલીન ભક્તકવિ નિષ્કુળાનંદ કહે છે.

એક ભૂંસાડીને એકડો રે, વાળ્યાં મીંડાં વીસ;
જોતાં સરવાળો ન જડ્યો રે, ત્યારે કરે છે રીસ.

હા, જેમ એકડા વગરનાં મીંડાંઓનું કોઈ મૂલ્ય નથી તેમજ આધ્યાત્મિકતા વગર અન્ય સાધનો પણ વ્યર્થ જ સિદ્ધ થાય છે. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. રાધાકિષ્નન કહે છે **'The soul of our progress is the progress of our soul.'** આત્મિક કે આધ્યાત્મિક વિકાસ જ સાચો વિકાસ છે.



અહીં એક બાબત ધ્યાન ખેંચે એવી છે. આ મહાપુરુષો, ચિંતકો કે કવિઓને પ્રગતિનાં સાધનો કે સોપાનો સિદ્ધ કરવા સાથે કશો જ વિરોધ નથી. હા, તેમનો અભિપ્રાય એટલો જ છે કે આ સાધનો પણ મૂલ્યવાન બની જાય જો તેને આધ્યાત્મિકતાની સાથે જોડવામાં આવે.

તા. ૩૦-૬-૨૦૦૧ના રોજ દિલ્હી ખાતે વિશ્વવિખ્યાત અણુવિજ્ઞાની અને અંતરિક્ષવિજ્ઞાની અબ્દુલ કલામસાહેબ પ્રમુખસ્વામી મહારાજની મુલાકાતે પધાર્યા હતા. ભારતને વિકસિત દેશોની પંક્તિમાં લાવવા દેશના ૫૦૦ બુદ્ધિશાળીઓએ (Intellectual giants) ભેગા થઈને પાંચ વિકાસનાં ક્ષેત્રો નક્કી કર્યા હતાં. ૧. શિક્ષણ અને સ્વાસ્થ્ય ૨. કૃષિ અને તેને લગતાં ક્ષેત્રો ૩. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ૪. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ૫. ક્રિટિકલ ટેક્નોલૉજી. આ વાત તેમણે સ્વામીશ્રીને કરી. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું, 'પાંચ મુદ્દાની સાથે છઠ્ઠો મુદ્દો ઉમેરો - ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતા. એ રીતે લોકો તૈયાર થાય તે પણ ખૂબ અગત્યનું છે. આધ્યાત્મિક સંપત્તિ જેટલી મજબૂત હશે એટલી આ લૌકિક સંપત્તિ તેની મેળે જ આવી જશે.'

કલામ સાહેબે પણ આ માર્ગદર્શનને સહર્ષ સ્વીકારીને ફરી પૂછ્યું, 'પહેલાં માણસોને ધાર્મિક કરીને પછી આ પ્રમાણે કાર્યનો આરંભ કરવો કે પછી બંને સમાંતર કરવું?' સ્વામીજીએ કહ્યું, 'બંને સમાંતર કરવું, વિકાસનું કાર્ય પણ ચાલુ રાખવું. આપણી સંસ્કૃતિ પરા અને અપરા વિદ્યા બંનેને સ્વીકારીને આગળ ચાલે છે.' આમ, આધ્યાત્મિકતાના દિવ્ય સ્પર્શ સાથેની જીવનશૈલી પૂર્ણ અને સંતુલિત વિકાસ લાવે છે.

વળી, અહીં એક વાત સમજવા જેવી કે આધ્યાત્મિકતા જીવનની વાસ્તવિક આવશ્યકતા છે, માત્ર સકારાત્મક સૂચન તેનું સ્થાન ન લઈ શકે. તમારે તેનું અનુકરણ પણ કરવું જોઈએ, જો તમે તેનું અનુકરણ કરશો, તેને તમારા જીવનમાં ઉતારશો તો જ તમે ખરા આધ્યાત્મિક બની શકશો.

એટલે જ કહેવાયું છે આધ્યાત્મિકતા આત્માની પરમ સંતુષ્ટિ છે. તેને રોજિંદા જીવનમાં આપનાવીને જીવનની પ્રત્યેક પળને આનંદ ઉત્સવ બનાવીએ.

> *જેમ એકડા વગરનાં મીંડાંઓનું કોઈ મૂલ્ય નથી તેમ આધ્યાત્મિકતા વગર અન્ય સાધનો પણ વ્યર્થ જ સિદ્ધ થાય છે*

sanskar@sandesh.com

લવ યુ ઝિંદગી

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

એક સુંદર વાત કોઈ વિચારકે લખી છે કે Man is born crying, Lives Complaining, And dies Unsatisfied. મતલબ કે માણસ જન્મે છે ત્યારે રડતો રડતો જન્મે છે, જીવે ત્યારે પણ ફરિયાદ કરતાં કરતાં જીવે છે, જ્યારે મૃત્યુ પામે ત્યારે પણ તેના જીવનમાં સંતોષ નથી હોતો, મૃત્યુ સમયે પણ તે કેટલીયે આશા, ફરિયાદ, લક્ષ્યો પોતાની સાથે લઈને મરે છે. આના પાછળનું કારણ શું? માણસને જીવનમાં હરહંમેશ ફરિયાદ, અસંતોષ રહે છે તેનું કારણ એ જ કે તે જીવનને સારી રીતે સમજી નથી શક્યો. માણસ જ્યારે જીવનને સમજી નથી શકતો ત્યારે તેની અંદર અસંતોષ અને અસુખ રહે છે. તમે જીવન સમજો નહીં તો તમને જીવનમાં શાંતિ પ્રાપ્ત નથી થતી.

સમજો કે તમે ખૂબ કમાઈ લીધું છે, તમે જીવનમાં તમામ સુખ-સુવિધા મેળવી લીધી છે, તમારી બેન્કમાં બેલેન્સ કરોડો રૂપિયા છે પણ આટલું હોવા છતાંય જો તમારી જાત શુદ્ધ નથી, તમારો આત્મા શુદ્ધ નથી, તમારા પારિવારિક સંબંધો સારા નથી, તમારી અંદર પ્રામાણિકતા નથી, નાનું-મોટું દાનકાર્ય, ભગવાન પ્રત્યેની ભક્તિ આ બધા મુદ્દા જીવનમાં ચૂકી ગયા તો સમજો કે તમે ભલે કરોડો રૂપિયા કમાયા હોય પણ તમે ખરા અર્થમાં જીવન હારી ચૂક્યા છો.

સમ્રાટ નેપોલિયન ધ ગ્રેટે તેમના જીવનચરિત્રમાં અંત સમયે લખ્યું છે કે આ પૃથ્વી ઉપરની, આ સૂરજ નીચેની તમામ વસ્તુ, તમામ સુખ-સુવિધા અને સગવડો હું ધારું તો હાલ ખરીદી શકું છું. હું આખી દુનિયાને મારાં ચરણોમાં ઝુકાવી શકું છું પણ મેં મારા આખા જીવનમાં સુખના છ દિવસ પણ નથી જોયા. આ વાંચીને આપણને સમજાય કે આપણે જેને સુખ માનીએ છીએ એવી સત્તા તો એમની પાસે તો હતી જ છતાં એ કયા ખાલીપણાની અહીં વાત કરી રહ્યાં છે? કયા સુખની અહીં વાત

કરી રહ્યાં છે તે ખરેખર આપણે વિચારવાનું છે. આપણે જેને સુખ કહીએ છીએ તે તો બધું જ નેપોલિયન પાસે આપણાં વિચારો કરતાં પણ વધારે હતું, તેમ છતાં એ સુખી નહોતો તો શું આપણું ધન આપણને ખરી ખુશી અને ખરું સુખ આપી શકશે?

સિત્તેરના દાયકામાં એલ્વિસ પ્રેસ્લી પોતાની કળાના આધારે માત્ર ૩૦ વર્ષે એક હજાર મિલિયન ડૉલર કમાયો હતો. તે વખતે એ એકમાત્ર એવા વ્યક્તિ હતા જે પ્રાઈવેટ જેટમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા. યુવાવયે રાજાશાહી જાહોજલાલી પ્રેસ્લીએ ભોગવી હતી. તેમના વિશે એવું કહેવાતું કે જિસસ બાદ તે એવા વ્યક્તિ હતા જેમને આટલી બધી પ્રસિદ્ધિ મળી હતી. આટલી જાહોજલાલી અને લોકોથી ઘેરાયેલા હોવા છતાં પણ એલ્વિસ પ્રેસ્લીને એકલતાનો અનુભવ થતો હતો અને તેમણે માત્ર ૩૩ વર્ષની ઉંમરે ૪૦ ઊંઘની ગોળીઓ લઈને આત્મહત્યા કરી હતી. આટલા પૈસા હોવા છતાં માણસ આપઘાત કરે? ત્યારે આપણે એ વિચારવાનું કે આપણે તો એના માટે જ દોડીએ છીએ, આપણે રાતદિવસ તેની પાછળ જ પાગલ થઈને તેને જ મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ. આવા એક નહીં કેટલાંય લોકોના પ્રસંગો આપણને સાંભળવા મળશે. ત્યારે આપણે ખરેખર સમજવાનું છે કે આપણે ભૌતિકવાદમાંથી બહાર આવીને ખરી શાંતિ અને ખરાં સુખને મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ, જીવનને પ્રેમ કરતાં શીખવું જોઈએ. જો આપણે આટલું સમજી જઈશું તો ઘણીખરી સમસ્યાનું નિવારણ આપોઆપ આવી જશે.

માણસ જન્મે છે ત્યારે રડતો રડતો જન્મે છે, જીવે ત્યારે પણ ફરિયાદ કરતાં કરતાં જીવે છે, મૃત્યુ સમયે પણ સંતોષ હોતો નથી

અંતથી શરૂઆત

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

પ્રખ્યાત મેનેજમેન્ટ નિષ્ણાત અને પ્રભાવશાળી વક્તા સ્ટીવન કોવીએ પોતાના પુસ્તક '૭ Habits of Highly Effective People'માં બીજી હેબિટ દર્શાવી છે : 'Begin with the End in Mind'. કોઈ પણ કાર્યનો અંત મનમાં વિચારીને પછી શરૂઆત કરો.

કોવી સમજાવે છે: "ધારો કે તમે કો'ક વ્યક્તિના અંતિમસંસ્કારમાં ગયા છો. વળી, અનેક લોકો ત્યાં ભેગા થયા છે અને વારાફરતી મૃતક વ્યક્તિ વિશે પોતાનો અભિપ્રાય આપી રહ્યા છે. આવું ધાર્યા પછી એમ વિચારો કે તમે પોતે જ મૃત્યુ પામ્યા છો અને તમારા વિશે લોકો શું અભિપ્રાય આપશે તેનો વિચાર કરો. આવો વિચાર રોજ કરશો તો તમારા દૈનિક જીવનમાં ફક્ત નીતિ-નિયમો જ નહીં બદલાય, પરંતુ તેનાથી જીવન પણ કેવી રીતે જીવવું જોઈએ તેનો ખ્યાલ તમને આવશે."

આમ, અંતનો વિચાર દૃઢ અને યોજનાબદ્ધ કાર્યનો આરંભ છે. આ વિચાર destructive નહીં પણ constructive છે. અનેક મહાપુરુષોએ આ વિચાર સાથે અસંભવને પણ સંભવ કરી બતાવ્યું છે.

વિશ્વની અજાયબીસમું દિલ્હી અક્ષરધામનું કાર્ય શરૂ થતાં પૂર્વે જ પ્રમુખસ્વામી મહારાજ અક્ષરધામના અંતિમ આકારને મનમાં લાવીને બોલ્યા હતા, આપણે ૫ વર્ષમાં આ પૂરું કરવું છે. ૧૦૦ એકરનું campus, ૧૪૧ feet ઊંચું structure, જેને બનાવવા પાછળ ૩૦ કરોડ માનવ કલાકો ગયા, જેને જોઈને મુકેશ અંબાણી પણ બોલ્યા હતા કે "No construction company or project management company can do this in such a record time" - વળી, આ એક જ કામ ન હતું - પાંચ વર્ષ દરમિયાન ૧૮૪ મંદિરોનું બાંધકામ, ૨૦૦૧નું ભુજ ભૂકંપ રાહતકાર્યમાં અનેક ગામો, શાળાઓ અને દવાખાનાઓનું નવનિર્માણ, ૨૦૦૪માં સુનામી પુનર્વસન વગેરે અનેક કાર્યો હતાં. અનુભવી લોકોની દૃષ્ટિએ પણ આ કાર્ય ૫ વર્ષમાં થવું અશક્ય જ હતું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે અંતિમ સીમા બાંધી હતી કે "આપણે આ ૫ વર્ષમાં કરવું જ છે" અને તેમણે કરી બતાવ્યું. "The largest comprehensive Hindu temple in the world" તરીકે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં આજે અક્ષરધામ સ્થાન ધરાવે છે.

ટૂંકમાં, અંતનો વિચાર જ લક્ષ્ય-નિર્ધારણની ચાવી છે. આપણો અનુભવ છે કે લક્ષ્ય નિશ્ચિત થયા પછી જ કાર્યમાં ગતિ આવે છે. અજાણ્યા સ્થળે પૂછીપૂછીને જવાનું હોય ત્યારે ગાડીની ગતિ કેવી હોય અને જાણીતા સ્થળે જવાનું હોય ત્યારે ગાડીની ગતિ કેવી હોય! પરીક્ષામાં અંતિમ સીમા ખબર છે કે ૩ કલાકમાં પેપર પૂરું કરવાનું છે, તો પેનની ગતિ મનની ગતિ સાથે ચાલે છે.

માનવના વ્યક્તિગત જીવનમાં આ વિચાર કેટલો મહત્ત્વનો છે તેની વાત કરતાં વિશ્વવિખ્યાત એપલ કંપનીના સ્થાપક સ્ટીવ જોબ્સે સ્ટૅન્ફર્ડ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં કહ્યું હતું કે "હું છેલ્લાં ૩૨ વર્ષથી રોજ સવારે વિચારું છું કે આજે મારા જીવનનો છેલ્લો દિવસ છે. આ વિચારથી હું અનેક અનાવશ્યક, વ્યર્થ અને હાનિકારક પ્રવૃત્તિઓથી બચી શક્યો છું."

તમે પોતે જ મૃત્યુ પામ્યા છો અને તમારા વિશે લોકો શું અભિપ્રાય આપશે તેનો વિચાર કરો. આવો વિચાર રોજ કરશો તો તેનાથી જીવન કેવી રીતે જીવવું જોઈએ તેનો ખ્યાલ તમને ચોક્કસપણે આવશે

વિનાશકારી ડાઈનામાઈટના સંશોધક આલ્ફ્રેડ નોબેલનો નાનો ભાઈ લુડ્વિગ મૃત્યુ પામ્યો. ન્યૂઝમાં ભૂલમાં આવ્યું કે આલ્ફ્રેડ મૃત્યુ પામ્યો છે. તેના વિશે લખ્યું હતું - 'The merchant of death is dead' 'મોતનો સોદાગર મૃત્યુ પામ્યો.' 'લોકો મને આ રીતે જુએ છે.' - આ વિચારથી તેણે કંપની બંધ કરી દીધી. પોતાની મિલકત ડૉનેટ કરી ટ્રસ્ટ કર્યું. ત્યારથી નોબેલ પ્રાઈઝનો જન્મ થયો.

આમ, કાર્યના આરંભે કરેલો અંતનો વિચાર ઉર્ધ્વ જીવનનો પર્યાય છે. ૭૦-૮૦ વર્ષના જીવન બાદ આપણે આપણા હૃદય ઉપર હાથ મૂકીને કહી શકીએ કે 'Yes, I lived my life' 'હું સાચી રીતે જીવન જીવ્યો.' જો આમ કહી શકીએ તો તે જ સાચી સિદ્ધિ છે. આ સિદ્ધિ પામવા માટે અંતનો કહેતાં પરિણામનો વિચાર જેટલો વહેલો કરીએ તેટલું આપણું લક્ષ્ય સમીપ આવતું જશે. તો આજે જ આ વિચાર દૃઢ કરીએ.

sanskar@sandesh.com

દુનિયા નહીં અભિગમ બદલવાની જરૂર છે

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણે ઘણી વાર આ વાક્ય સાંભળ્યું છે કે પરિવર્તન સંસારનો નિયમ છે. હા, અહીં ક્ષણે ક્ષણે બધું જ બદલાતું રહે છે. ફૂલો ખીલે છે અને ખરે છે. સૂર્ય-ચંદ્ર ઊગે છે અને આથમે છે, કેલેન્ડરનાં પાનાં રોજેરોજ બદલાતાં જાય છે. અરે, આપણું પોતાનું શરીર કેટલું બદલાઈ ગયું. માતાપિતાની આંગળી પકડીને પણ માંડમાંડ ચાલનારા આપણે દોડતા થઈ ગયા. બાલ્યાવસ્થા, યુવાવસ્થા ને વૃદ્ધાવસ્થા પણ આ પરિવર્તનનું પ્રતિબિંબ છે.પ્રકૃતિના આ પરિવર્તનની સામે મનુષ્ય પણ આદિકાળથી પોતાની સુવિધા અને સુરક્ષા માટે પરિવર્તન કરતો રહ્યો છે. પૈડાંથી માંડીને સુપર કમ્પ્યૂટરની સુધીની શોધોમાનવજીવનનાં પરિવર્તનોની પ્રતિક છે. પહેલાં માણસ માટે પોતાનું ગામડું એ જ દુનિયા હતી જ્યારે આજે માનવીય પરિવર્તનોએ દુનિયાને ગામડામાં પરિવર્તિત કરી દીધી છે. અહીં સવાલ એ થાય કે પોતાના દૈહિક સુખ માટે જ પરિવર્તનનો પવન ફૂંકનાર માણસને પરિણામ શું મળ્યું? ખૂનખરાબા, લૂંટ, ભ્રષ્ટાચાર, બળાત્કાર જેવાં અનિષ્ટો રોજેરોજ આધુનિક તરકીબોનો ઉપયોગ કરીને જે રીતે વકરી રહ્યાં છે તે જોતાં લાગે છે કે પરિવર્તનો લાવીને પણ આપણે ત્યાંના ત્યાં જ છીએ. ટી.એસ.એલિયેટ સાચું જ કહે છે: પરિવર્તનો, શોધ-સંશોધનોએ વિશ્વને ગતિ આપી પરંતુ જીવનની સ્થિરતાના ભોગે પરિવર્તનનો પ્રવાહ આપણને અજ્ઞાન અને વિનાશની તરફ ધકેલી રહ્યો છે.

તો આવું શાથી બન્યું? ખાટલે મોટી ખોડ ક્યાં રહી ગઈ? જવાબ સ્પષ્ટ છે - પરિવર્તનના પ્રથમ સ્થાનની પસંદગીમાં માણસ ગોથું ખાઈ ગયો છે.

કબીરજીએ લખ્યું છે: કેવળ રાફડા પર લાકડી પછાડવાથી અંદરના સાપને હણી શકાતો નથી. ભીતરની શાંતિ અને જંપ જોઈતો હોય તો માત્ર બાહ્ય પરિવર્તનોથી કંઈ નહીં વળે. રાફડા પર લાકડી પછાડો ત્યારે દરમાં ભરાઈ રહેલો સાપ જેમ નિરાંતે સૂતો રહે છે તેમ તમે પણ કપડાં બદલો, વાહનો બદલો, ખાવાની વાનગીઓ બદલો તે બધું બાહ્ય પરિવર્તન જ છે. તેનાથી અંદરની અશાંતિ દૂર નથી થવાની, કેમ કે મનની શાંતિ કોઈ પણ ભૌતિક પદાર્થના આધારે નથી. જો એવું હોત તો મોટા મોટા ચક્રવર્તી સમ્રાટો શા માટે બધું છોડીને શાંતિ માટે વનમાં જાત? અંદરની શાંતિ જોઈએ છે તો અંદરથી પરિવર્તિત થાઓ. અંદરનું પરિવર્તન એટલે આપણાં વલણોનું પરિવર્તન. આપણા અભિગમ અને દૃષ્ટિકોણનું પરિવર્તન, બસ આ જ પરિવર્તનની વાત વર્ષોથી આપણાં શાસ્ત્રો ને સંતો કરતા આવ્યાં છે.

આજથી ૧૦૦ વર્ષ પહેલાંની આ ઘટના છે. એક ઘોડાગાડીમાં બે વડીલ સંતોની સાથે એક તેજસ્વી યુવા સંત ગઢપુર તરફ જઈ રહ્યા હતા. અચાનક રસ્તે એક મોટો ખાડો આવ્યો. ચાલકની ગફલતને કારણે ઘોડાગાડીનું એક પૈડું તેમાં પછડાયું અને પડછાટની સાથે છૂટું પણ પડી ગયું. ત્રણેય સંતો ભોંયભેગા થઈ ગયા. છોલાવાને કારણે યુવાન સંતને લોહી પણ નીકળ્યું. છતાં યુવાન સંત હસી રહ્યા હતા તે જોઈને એક વડીલ સંત બોલ્યા : "આ ટાણે તમે આમ શું હસી રહ્યા છો?"

અંદરની શાંતિ જોઈએ છે તો અંદરથી પરિવર્તિત થાઓ. અંદરનું પરિવર્તન એટલે આપણાં વલણોનું પરિવર્તન. આપણા અભિગમ અને દૃષ્ટિકોણનું પરિવર્તન, જેની વાત આપણાં શાસ્ત્રો ને સંતો કરતા આવ્યાં છે

"ગુરુ! પરચો થયો!!" સ્મિત સાથે યુવાન સંતે કહ્યું.

આ સાંભળતાં જ તે વડીલ સંત કહે : "આમ ચત્તાપાટ પડ્યા તેમાં શું પરચો થયો?" "ગુરુ! ભગવાને જીવતા તો રાખ્યાને!" ઈજાગ્રસ્ત સંતે કહ્યું. બની ગયેલી ઘટના કે વ્યક્તિ પ્રત્યે નાના સંતને કોઈ રાવ-ફરિયાદ ન હતી, જે બને, જે મળે તેને સવળી રીતે જોવાનું એક વલણ, એક અભિગમ તેઓ પાસે હતો.

આ યુવાન સંત બીજા કોઈ નહીં પણ વિશ્વપ્રસિદ્ધ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ હતા. જેમણે વિશ્વને શીખવાડ્યું કે જો સદાય સુખી રહેવું હોય તો બાહ્ય દુનિયાને બદલવા કરતાં પોતાના અભિગમને બદલવાની જરૂર છે.

sanskar@sandesh.com

સંકલ્પશક્તિ

અમારે તો ઊડવું છે આભમાં,
આ વિશ્વ લેવું છે બાથમાં;
રમવું છે સૂર ચંદ સહિત,
તારલા લેવા છે હાથમાં

આ પંક્તિ ઊંચા સ્વપ્નની અભિવ્યક્તિ છે. જ્યારે આ સ્વપ્ન સાથે દૃઢ ઈચ્છાશક્તિ ભળે છે ત્યારે તે સંકલ્પ કહેવાય છે. સંકલ્પમાં ભાવિની કલ્પના તો હોય છે, પણ તે કલ્પનાને સિદ્ધ કરવા માટે બધું કરી છૂટવાની તમન્નાય હોય છે. સંકલ્પ તો અંતરના પાતાળમાંથી ફૂટતું ઝરણું છે, અર્જુનનું લક્ષ્યવેધી બાણ છે, પૃથ્વીને મળવા આવતું પ્રભાતનું કિરણ છે, જે ગંતવ્ય સુધી પહોંચીને જ જંપે છે. ટૂંકમાં, સંકલ્પમાં શૂન્યમાંથી સર્જન કરવાનું અદ્‌ભુત સામર્થ્ય છે.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાંની આ વાત છે. સિંધુ નદીના કિનારે એક નાનકડું ગામ હતું. એક વાર સામુદ્રિક શાસ્ત્રના જાણકાર એક પ્રખ્યાત જ્યોતિષી ગામમાં પધાર્યા. ગામની સંસ્કૃત પાઠશાળામાં ભણવા જતાં બાળકોએ જ્યોતિષીને જોયા એટલે તેમને ઘેરી વળ્યા. બધાં બાળકો પોતાનો હાથ બતાવીને ભવિષ્ય જાણવા તત્પર બન્યા હતા. તેઓ વારાફરતી હાથ બતાવીને વિશેષ તો પોતાના ભણતરવિષયક પૃચ્છા કરી રહ્યાં હતાં. જ્યોતિષી મહારાજ પણ ખૂબ શ્રદ્ધાથી બધાનું ભાવિ ભાખી રહ્યા હતા. છેલ્લે એક સામાન્ય દેખાતા બાળકે હાથ લાંબો કર્યો અને જિજ્ઞાસાથી પોતાની આંખો જ્યોતિષીના મુખ પર કેન્દ્રિત કરી. મહારાજે બાળકની હાથની રેખાઓને તપાસવા દૃષ્ટિ ઝીણી કરી. બાળક સામું જોઈ પળવાર સ્થિર થઈ બોલ્યા, "બેટા ! તારા હાથમાં તો વિદ્યા-ભાગ્યની રેખા જ નથી." આ જવાબ સાંભળી બાળકે પૂછ્યું , "મહારાજ, આ વિદ્યાની રેખા ક્યાં હોય છે?" જ્યોતિષીએ હાથમાં ખાલી જગ્યા બતાવી. બાળક દોડતાં દોડતાં ઘરેથી ચપ્પુ લઈને આવ્યો. જ્યોતિષી પાસે જઈને હાથની ખાલી જગ્યા પર ચપ્પુથી રેખા કોતરી દીધી અને કહ્યું, "આ રહી વિદ્યાની રેખા ! હવે હું પણ મહાન પંડિત બની શકીશ." લોહીની ધાર જોઈ જ્યોતિષી સહિત બધા સ્તબ્ધ થઈ ગયા. સામાન્ય ગામડાના એક સામાન્ય બાળકના સંકલ્પે દુનિયાને સર્વશ્રેષ્ઠ સંસ્કૃત વ્યાકરણની ભેટ આપી. હા, આ સંકલ્પ કરનાર હતા પાણિનિ ! તેમની અષ્ટાધ્યાયી આજે પણ વિશ્વ ઈતિહાસમાં અજોડ સ્થાન ધરાવે છે.

આ વિશ્વમાં આવા તો કંઈકેટલાય તારલાઓ છે જેમણે પોતાના દૃઢ સંકલ્પથી કીર્તિના આભમાં ઉડાન ભરી છે. ખરેખર, 'કંઈ નહીં'માંથી 'બધું જ અહીં' સુધીની સફર સર કરી શકાય, બસ, એક સંકલ્પની જરૂર છે.

આજથી સવા સો વર્ષ પહેલાં વિશ્વકલ્યાણના શુભ સંકલ્પ સાથે એક પુરુષ કટિબદ્ધ થયા. માત્ર પાંચ સહાયકો અને મુઠ્ઠીભર શુભચિંતકોની ઉપસ્થિતિમાં શરૂ થયેલી તેમની સંસ્થામાં તે વખતે અછત સિવાય કશું જ નહોતું. પૂરતાં વાસણોના અભાવે કેરોસીનના ડબ્બામાં ખીચડી રાંધીને જમવું પડતું એવી કપરી પરિસ્થિતિ હતી. અનેક વિઘ્નો અને તકલીફો હતી, પરંતુ તેમની સંકલ્પશક્તિના બળે જ આજે વિશ્વના ૫૦ દેશોમાં આ સંસ્થા સેવારત છે. અનેક શાળાઓ, દવાખાનાઓ અને સાંસ્કૃતિક સ્મારકોના નિર્માણમાં સમગ્ર વિશ્વમાં આ સંસ્થા અજોડ છે. ભૂકંપ રાહતકાર્યથી માંડીને કોવિડ ૧૯ અસરગ્રસ્તોની સેવામાં

આ વિશ્વમાં આવા તો કંઈકેટલાય તારલાઓ છે જેમણે પોતાના દૃઢ સંકલ્પથી કીર્તિના આભમાં ઉડાન ભરી છે. ખરેખર, 'કંઈ નહીં'માંથી 'બધું જ અહીં' સુધીની સફર સર કરી શકાય, બસ, એક સંકલ્પની જરૂર છે

આ સંસ્થાના ૫૦ હજાર કરતાં વધુ સ્થાયી સ્વયંસેવકો સમાજ માટે હંમેશાં ખડેપગે ઊભા રહ્યા છે. આ સંસ્થાનું નામ છે BAPS અને તેના મૂળ સંકલ્પકર્તા અને સ્થાપક હતા શ્રીયજ્ઞપુરુષદાસજી, શાસ્ત્રીજી મહારાજ ! ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક અબ્દુલ કલામ સાહેબ તેમના પુસ્તક 'Wings of Fire'માં કહે છે કે "જ્યારે તમે કોઈ વસ્તુ માટે હૃદયના ઊંડાણમાંથી સંકલ્પ કરો છો ત્યારે તેને પૂરો કરવા માટે સમગ્ર બ્રહ્માંડની શક્તિ કામે લાગી જાય છે."

આ અદ્‌ભુત માનવશરીર આપણને મળ્યું છે, તે વ્યર્થ કામોમાં વેડફાઈ ન જાય તે માટે આજથી જ એક શ્રેષ્ઠ સંકલ્પ કરીએ. એક એવા વિશ્વનિર્માણનો સંકલ્પ, જ્યાં આપણે સૌ પ્રેમ, સદ્‌ભાવ અને શાંતિથી જીવી શકીએ. હા, તેને પૂર્ણ કરવા બ્રહ્માંડની બધી શક્તિ જરૂર કામે લાગી જશે.

પ્રાર્થના

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

'ચંદ્રની કક્ષામાં પહોંચેલા આપણા ત્રણ અવકાશયાત્રીઓને બચાવવાનો હવે એક જ માર્ગ છે. હું અમેરિકા દેશના તમામ નાગરિકોને વિનંતી કરું છું કે મૃત્યુમુખમાં ફસાયેલા આ અવકાશયાત્રીઓ માટે ઘૂંટણિયે પડી ભગવાનને પ્રાર્થના કરે.'

આ શબ્દો અમેરિકા દેશના એક સમયના રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સન દ્વારા ઉદ્બોધાયેલા છે. હા, પરિસ્થિતિ એવી હતી કે તા.૧૧/૪/૧૯૭૦ના રોજ અમેરિકાએ સમાનવ યાન એપોલો-૧૩ અંતરીક્ષમાં છોડ્યું, પરંતુ પૃથ્વીથી ૩ લાખ કિમી. દૂર ચંદ્રની કક્ષામાં કેટલીક યાંત્રિક ખામીઓના કારણે ભયાનક કટોકટી સર્જાઈ. અવકાશયાત્રીઓ ઓક્સિજનની ઊણપ અને ઈલેક્ટ્રિસિટીના અભાવે લાચાર બન્યા હતા. જીવનું જોખમ ઊભું થયું. જે વૈજ્ઞાનિકો હ્યુસ્ટન સ્પેસ સેન્ટરથી અવકાશયાત્રીઓ સાથે સંપર્કમાં હતા, તેઓએ ખૂબ પ્રયત્નો કર્યા પરંતુ વિજ્ઞાન, ટેક્નોલોજી અને અત્યાર સુધીનાં બધાં અદ્યતન સંસાધનો એક પછી એક હાથ ઊંચા કરી રહ્યાં હતાં. વૈજ્ઞાનિકોએ તરત જ રાષ્ટ્રપ્રમુખને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા. અંતે રાષ્ટ્રપ્રમુખે બધાને પ્રાર્થના કરવાની અપીલ કરી. જેમ જેમ આ વાત પ્રસરતી ગઈ ત્યારે માત્ર અમેરિકા જ નહીં, સમગ્ર વિશ્વ પ્રાર્થનામાં જોડાયું.

આ મિશનના અલાર્મ સિસ્ટમ એન્જિનિયર જેરી વુડ્રિલે 'What really happened to Apollo- ૧૩' નામના પોતાના લેખમાં સ્વીકાર કર્યો કે મિશનનો બચાવ કેવળ પ્રાર્થનાથી જ થયો છે.

ખરેખર, પ્રાર્થનાને શબ્દોનું, ભાષાનું કે સીમાઓનું કોઈ જ બંધન નથી હોતું. શુદ્ધ સમજણ અને હૃદયની શુદ્ધ ભાવનાથી પ્રાર્થના કરવામાં આવે ત્યારે તેનું ફળ અવશ્ય મળતું જ હોય છે. તેથી જ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે 'પ્રાર્થનામાં શબ્દોનું નહીં, પણ શુદ્ધ હૃદયનું અને આપણી શ્રદ્ધાનું મહત્ત્વ હોય છે.' આ સૂત્ર એમના જીવનમાં ચરિતાર્થ થયેલું જણાય છે. જ્યારે જ્યારે સમાજ કે રાષ્ટ્ર પર કુદરતી કે માનવસર્જિત વિઘ્નો આવ્યાં છે તેમણે સૌપ્રથમ પ્રાર્થનાનો સહારો લીધો છે. તેમણે પ્રાર્થના કરવામાં ક્યારેય કોઈ રાષ્ટ્ર, સમાજ, જાતિ કે ધર્મનો ભેદભાવ નથી રાખ્યો. ૧૯૯૯માં જેરુસલેમમાં યહૂદીઓના શ્રદ્ધાસ્થાન વેઈલિંગ વૉલ પાસે તેઓ ગયા ત્યારે બીજાની કરેલી શુભ પ્રાર્થનાઓ ફળે તે માટે પણ પ્રાર્થના કરી હતી.

શ્રીમદ્ ભાગવત પુરાણમાં ગજેન્દ્રમોક્ષનું આખ્યાન આવે છે : ગજેન્દ્ર હાથીનો પગ એક વિકરાળ મગર પોતાના મુખમાં પકડી મધ્ય સરોવર તરફ ખેંચવા લાગ્યો. બચવાના શક્ય બધા જ પ્રયત્નો કરવા છતાં ગજેન્દ્રને નિષ્ફળતા જ હાથ લાગી. અંતે ગજેન્દ્રને ભગવાન નારાયણ યાદ આવે છે. તેણે સરોવરમાંથી એક કમળનું પુષ્પ સૂંઢમાં લઈને આર્તનાદથી પ્રભુની પ્રાર્થના કરી. તેની પ્રાર્થના સાંભળી ભગવાને તત્કાળ તેની રક્ષા કરી.

કેટલીક વખત આપણું ધાર્યું પરિણામ ન આવે ત્યારે આપણને થાય કે ભગવાન મારી પ્રાર્થના નથી સાંભળતા, પરંતુ એક વાત સમજવા જેવી છે, જ્યારે પરમકૃપાળુ પરમાત્મા આપણી પ્રાર્થના સાંભળે છે ત્યારે તેઓ આપણી શ્રદ્ધા અને વિશ્વાસને વધારે છે. જ્યારે તેઓ પ્રાર્થના સાંભળવામાં વાર લગાડે છે ત્યારે આપણી ધીરજને વધારે છે.

ઘણી વાર માણસ એવું ધારે કે જેને પોતાના પુરુષાર્થ પર ભરોસો નથી તે પ્રાર્થના કરે છે, પરંતુ પ્રાર્થના કરવી તે અંધશ્રદ્ધા કે કાયરતા નથી, પરંતુ ભગવાન પ્રત્યે આપણી શ્રદ્ધા અને વિશ્વાસની મૂર્તિમાન પ્રતીતિ છે. તેથી જ વિશ્વના તમામ ધર્મોમાં પ્રાર્થનાનું મહત્ત્વ સ્વીકારાયું છે. ફ્રાન્સમાં એકવાર યુદ્ધમાં એક પગ ખોઈ બેઠેલા સૈનિકે એક ધર્મસ્થાનમાં પ્રવેશ કર્યો. તેને જોઈ કોઈએ ટીકા કરી : 'શું તે એમ માનતો હશે કે તે અહીં પ્રાર્થના કરશે એટલે ભગવાન તેને નવો પગ આપશે ?' સૈનિક આ સાંભળી ગયો અને તે ટીકાકારની પાસે જઈ ખૂબ જ વિનમ્રતાથી બોલ્યો : 'મને ખબર છે કે ઈશ્વર મને નવો પગ નહીં આપે પરંતુ મને શ્રદ્ધા જરૂર છે કે, એક પગથી જીવન જીવવાનું બળ ચોક્કસ આપશે.'

કેટલીક વખત આપણું ધાર્યું પરિણામ ન આવે ત્યારે આપણને થાય કે ભગવાન મારી પ્રાર્થના નથી સાંભળતા, પરંતુ જ્યારે પરમકૃપાળુ પરમાત્મા આપણી પ્રાર્થના સાંભળે છે ત્યારે તેઓ આપણી શ્રદ્ધા અને વિશ્વાસને વધારે છે

માનવની આ શ્રદ્ધાનો દીપ પ્રજ્જ્વલિત રાખવા માટે પ્રાર્થના એક ઉત્તમ ઈંધણ છે. પ્રાર્થના પરમાત્મા સાથેના પ્રેમની જીવંત અભિવ્યક્તિ છે.

sanskar@sandesh.com

મને સાંભળો તો ખરા!

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

રવિવારનો દિવસ હતો. હીરેનભાઈ ઘરેથી બહાર નીકળતા જ હતા કે તેમના પંદર વર્ષીય પુત્ર તપને પાછળથી બૂમ પાડી, "પપ્પા! "શું છે?" હીરેનભાઈએ પૂછ્યું. "મારે તમને એ વાત કરવાની હતી," તપને કહ્યું. "હું એક અગત્યના કામ માટે બહાર જઈ રહ્યો છું," હીરેનભાઈએ મોઢું ફેરવતાં કહ્યું. "પણ પપ્પા આજે તો રવિવાર છે, રજાનો દિવસ !" તપને કહ્યું. "જમવામાં ક્યારેય રજા હોય છે? તાવડી તેર વાનાં માંગે. આજે એક બિઝનેસ ડીલ છે. મારે ઉતાવળ છે, માટે માથું ન ખાઈશ. રાત્રે મળશું." પિતાએ થોડા રોષ સાથે કહ્યું. "પણ પપ્પા, તમે રાત્રે રોજ બાર વાગ્યા પછી ઘરે આવો છો. મારે સવારની સ્કૂલ હોવાથી, વહેલો સૂઈ જાઉં છું," તપને સ્પષ્ટતા કરી. "તો મમ્મીને કહી દેજે." હીરેનભાઈએ આગળ ચાલતાં અને વાત ટાળતાં કહ્યું. "પણ આમાં તો તમારું જ કામ છે." તપને ફરી એક વાર નિષ્ફળ પ્રયાસ કર્યો. "જો ભાઈ, અત્યારે મારી પાસે સમય નથી," કહીને હીરેનભાઈ ઉતાવળે ગાડીમાં બેસી નીકળી ગયા. છેલ્લા એક મહિનાથી પિતાની આ ટાળવાની પ્રવૃત્તિથી તપનના મનમાં ક્રોધનાં બીજ વવાઈ ગયાં.

મારે ઉતાવળ છે, હું વ્યસ્ત છું, મારી પાસે સમય નથી, પછી મળીશું વગેરે શબ્દોએ કેટલાય સંવાદોને અધૂરા છોડી દીધા છે. પરિણામે બે સીમાઓ, બે કિનારાઓ વચ્ચે રહી જાય છે બસ વિસંવાદિતા, અંતરાય, અજંપો, અને ગેરસમજ ! હા, જ્યારે અંતરના ભાવો શબ્દ બનીને સામેવાળાના કાન સુધી નથી પહોંચતા ત્યારે તે ભાવો અંતરના ગમગીન સમુદ્રમાં ઠલવાતા રહે છે. તેથી જ એક છતની નીચે રહેતી બે વ્યક્તિઓના હૃદયનું અંતર હજારો માઈલો જેટલું થઈ જાય છે.

આજે આપણે એક એવા સમાજમાં જીવીએ છીએ, જ્યાં મકાનોની ડિઝાઈન નવી બનતી જાય છે પણ ઘર તૂટી રહ્યાં છે. જ્યાં પરિવારમાં આવક બમણી થઈ છે પણ આત્મીયતાની આવક અર્ધી થઈ રહી છે. આજે મનુષ્ય ચંદ્ર પર સહેલાઈથી પહોંચીને પાછો આવી શકે છે, પરંતુ પોતાના પરિવાર માટે સમય કાઢવો તેને કઠિન લાગે છે. આજે વ્યવસાયમાં લાભનું સ્તર ઊંચું ગયું છે પરંતુ સંબંધોનું સ્તર નીચું જતું જાય છે. આનું કારણ છે એકબીજાને સાંભળવાની વૃત્તિનો અભાવ ! આજે શબ્દો સૌની પાસે છે પણ જરૂર છે તેને ઝીલનારા કાનની !

Ralph Nichols (રાલ્ફ નિકોલ્સ) કહે છે, - "The most basic of all human needs is the need to understand and be understood. The best way to understand people is to listen to them."

બીજાને સમજાવવા માટેનો સર્વોત્તમ ઉપાય છે- તમે તેમને સાંભળો. પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દરમિયાન લાખો-કરોડો લોકોનો પ્રેમ સંપાદન કર્યો હતો, તેનું કારણ હતું તેઓની બીજાને સાંભળવાની વૃત્તિ. ૧૯૭૧માં ગુરુપદે આવ્યા ત્યારથી લઈને ૨૦૧૦ સુધી ૪૦ વર્ષમાં તેઓ લગભગ રોજ ૩ ટાઈમ; સવાર-બપોર-સાંજ સરેરાશ ૧૫૦ વ્યક્તિઓને સત્ર દીઠ મુલાકાત આપતા. અર્થાત્ રોજની ૪૫૦ વ્યક્તિઓને મળતા, અઠવાડિયાના ૩૧૫૦, મહિનાના ૯૪૫૦, વર્ષના ૧,૧૩,૪૦૦ અને ૪૦ વર્ષનાં ૪૩,૩૬,૩૦૦ વ્યક્તિઓને રૂબરૂ મુલાકાતમાં સાંભળ્યા છે. તદુપરાંત રોજના સરેરાશ ૧૫ ફોન કૉલને આધારે ૪૦ વર્ષમાં ૨,૧૬,૦૦૦ને ફોન પર સાંભળ્યા છે. ૭ લાખથી વધુ પત્રો વાંચીને લોકોને સાંભળ્યા છે. આ સરવાળો કરો તો તેમણે ૫૨,૫૨,૦૦૦ લોકોને સાંભળ્યા છે.

બહુધા આપણે માનીએ છીએ કે દુખિયારાઓને સાંભળીશું તો તેઓ આપણી પાસેથી ધન કે પદાર્થોની માંગણી કરશે, પરંતુ ખરેખર તો તેમને કેવળ એવા શ્રોતાની જ જરૂર હોય છે જે તેની લાગણીઓને સમજી શકે. પ્રતિકૂળતાઓ અને પ્રશ્નોમાં એકલા ઝઝૂમતાં માનવીને એક સહારાની જરૂર છે. એક એવો સહારો જે તેને સાંભળી શકે તેને સમજી શકે. હા, આપણી બે વાક્યો સાંભળવાની શ્રદ્ધા માનવીય સંબંધોના બાગને ખીલતો રાખી શકે છે. તો વાર શા માટે?

આજે આપણે એક એવા સમાજમાં જીવીએ છીએ, જ્યાં મકાનોની ડિઝાઈન નવી બનતી જાય છે પણ ઘર તૂટી રહ્યાં છે. જ્યાં પરિવારમાં આવક બમણી થઈ છે પણ આત્મીયતાની આવક અર્ધી થઈ રહી છે

sanskar@sandesh.com

વિચાર તો કરો

હજારો વર્ષો પૂર્વે પથ્થરની ગુફામાં પશુસમાન જીવન જીવતો માનવી આજે ચંદ્ર અને મંગળ ઉપર નિવાસસ્થાન માટેનાં આયોજનો કરી રહ્યો છે. હા, ગર્ભના ગાઢ અંધકારમાંથી આરંભાયેલી માનવની જીવનયાત્રા અંત્યેષ્ટિના અજવાળા સુધી પહોંચે ત્યાં સુધી તેણે ટાયરથી માંડી માઈક્રો પ્રોસેસર સુધી બધું જ જોઈ લીધું હોય છે. આજે માનવની વિકાસકૂચ સુવિધાઓનાં સાધનોની હારમાળા સર્જી રહી છે, પરંતુ આ વિકાસ, આ પ્રગતિ શેને આભારી છે ?

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ઉત્તર છે- વિચાર! પ્રાચીનકાળથી આજપર્યંત માનવની પ્રગતિનો ઈતિહાસ એ મનુષ્ય મસ્તિષ્કના વિચારોની ગાથા તેમજ વિચારોનું સર્જનાત્મક અનુસરણ અને પરિણામોની પ્રાપ્તિનો ઈતિહાસ છે.

ડૉ.અબ્દુલ કલામ સાહેબ પોતાની આત્મકથામાં જણાવે છે કે, 'બાળપણથી જ મને આકાશનાં રહસ્યો અને પક્ષીનાં ઉડ્ડયનો પ્રત્યે ખૂબ આકર્ષણ હતું. ભલે હું સીધોસાદો ગામડાનો છોકરો હતો, પણ મને શ્રદ્ધા હતી કે એક દિવસ હું પણ આકાશમાં ઊડીશ, અને ખરેખર, રામેશ્વરમાંથી આકાશમાં વિચરનાર હું પ્રથમ છોકરો બન્યો.'

એક સામાન્ય સાગરખેડૂના બાળકને આકાશની ઊંચાઈએ અડાડવા માટે મુખ્ય પરિબળ હતું વિચાર! એટલે જ કહેવાયું છે કે જ્યારે વિચારનું વાવેતર થાય ત્યારે તે ક્રિયામાં પરિણમે છે.

દક્ષિણ આફ્રિકામાં એક વાર ગાંધીજી ડર્બનથી પ્રીટોરિયા જવા માટે રેલવેની ફર્સ્ટક્લાસની ટિકિટ લઈને બેઠા. રાત્રે ૯ વાગ્યે મેરિત્સબર્ગ સ્ટેશને એક ગોરો અધિકારી ડબ્બામાં આવ્યો. ગાંધીજીને જોઈ તેણે કોઈ અમલદારને બોલાવી થર્ડક્લાસના ડબ્બામાં જવાનું કહેવરાવ્યું. ગાંધીજી પાસે ફર્સ્ટક્લાસની ટિકિટ હતી તેથી તેમણે જવાની ના પાડી. અમલદારે બળજબરીપૂર્વક ટ્રેનમાંથી નીચે ઉતાર્યા. તે સમયે તેમના મનમાં વિચાર વવાયો : 'મારે મારા હક માટે લડવું જોઈએ.'

૨૪ વર્ષના એક યુવાન બિનઅનુભવી બૅરિસ્ટરના આ વિચારોમાં સ્વરાજની હિલચાલના ભણકારા હતા. તેમના આ વિચારોએ માત્ર આફ્રિકન લોકોમાં જ નહીં, પણ ભારતની ૩૦ કરોડની જનતામાં સ્વતંત્રતાની ભૂખ જગાડી દીધી. ગાંધીજીના આ વિચારે એવો પ્રચંડ પવન ફૂંક્યો કે ૧૫૦ વર્ષની અંગ્રેજોની ગુલામીની ગંઠાઈ ગયેલી જંજીરોને ઓગાળી દીધી. ટ્રેનના ડબ્બામાંથી બહાર ફેંકાયેલી વ્યક્તિના પ્રબળ વિચારે આખા સામ્રાજ્યને બહાર ફેંકી દીધું. આ વિચારની કરામત નહીં તો શું છે ?

૧૮૫૫માં જન્મેલા કેમ્પ જીલેટ ૨૧ વર્ષે ટ્રાવેલિંગ સેલ્સમેન બની ગયા. ૩૮ વર્ષ સુધી સેલ્સમેનશિપ કરી પરંતુ તેમનું મન કાંઈક નવું કરવા સતત ઝંખતું હતું. બસ, ત્યાં જ એક પ્રબળ વિચારનું આરોપણ થયું અને વિશ્વમાં

> એક સામાન્ય સાગરખેડૂના બાળકને આકાશની ઊંચાઈએ અડાડવા માટે મુખ્ય પરિબળ હતું વિચાર!

સૌપ્રથમ વાર સુરક્ષિત સેવિંગ બ્લેડ અને હોલ્ડરનો વિચાર ઊપસી આવ્યો. જીલેટના આ અદ્‌ભુત વિચારનું જ પરિણામ હતું કે છ વર્ષમાં ૨૦૦ દેશોમાં ૧.૨ કરોડ બ્લેડ વેચાઈ ગઈ.

વિચારની આટલી શક્તિ અને સામર્થ્ય હોવા છતાં વિચારવું તે કઠિન કાર્ય છે. વિચારને અઘરું કાર્ય કહેવાનું કારણ એટલું છે કે વિચાર અને વિકાસ જેમ સાથે ચાલે છે તેમ વિચાર અને વિનાશ પણ સહચારી છે. વિચાર યોગ્ય, નિયંત્રિત અને સર્જનાત્મક હોય તો ચોક્કસ વિકાસને નોતરે છે, પરંતુ અયોગ્ય, અનિયંત્રિત અને વિધ્વંશાત્મક વિચાર વિનાશ સર્જે છે. કોઈની પ્રગતિમાં દાઝવાથી શરૂ થયેલી વૈચારિક પ્રક્રિયા આતંકવાદ સુધી પહોંચે છે, તેના મૂળમાં આ અવળો વિચાર છે. તેથી જ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે અવળા વિચારનો ત્યાગ કરવો અને સવળો વિચાર હોય તે જ ગ્રહણ કરવો.

સંતાનો માટે પિતા એટલે સુપરમેન

સમજણની સૃષ્ટિમાં સૌપ્રથમ રોલમૉડેલ પપ્પા હોય છે, સમજણના વિસ્તાર પછી સંતાનોના મનમાં એ જ ઈમેજ જાળવી રાખવી હોય તો દરેક પપ્પાએ એક સનાતન સત્ય સ્વીકારવું પડશે કે તેનાં બાળકો સલાહોમાંથી નહીં તેના આચરણ અને નક્કર સિદ્ધાંતોને ફૉલો કરે છે. ડેડ એ માત્ર ડીએનએ નથી અને એટલે જ મહાત્મા ગાંધી પૂરા રાષ્ટ્રના પિતા બન્યા

વાઈડ એન્ગલ

જયેશ ઠકરાર

પરંતુ એક પિતા તરીકેની તેમની કહાની દર્દથી ભરપૂર છે. 'મારું જીવન જ મારો સંદેશ છે' બાપુના આ વાક્યને વિશ્વના લાખો લોકોએ જીવનમાં ઉતાર્યું પરંતુ ગાંધીજીની સાથે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ કરી દોઢ વર્ષ જેલમાં રહેલા તેમના મોટા પુત્ર હરિલાલે ભારત આવ્યા બાદ પિતાના તમામ સિદ્ધાંતો ફગાવી દીધેલા.

સંતાનોના ઉછેરની કળા શીખવતી સેંકડો પ્રવચનમાળા છે પરંતુ અસંખ્ય પરિમાણો જોડાયેલા હોવાથી દરેક સંતાનની એક અલગ જ થિયરી અને અપવાદો બનતાં રહે છે. પુત્રને શાળાએ મોકલતી વખતે અબ્રાહમ લિંકને વિશ્વને ઉદ્દેશીને લખેલું 'હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે, આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે. અત્યાર સુધી એ પોતાનો રાજા હતો પણ હવે બધું બદલાઈ જશે. આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એટલે તું એની કુમળી આંગળી પકડીને દોરજે અને જાણવા જેવું બધું જ શીખવજે. એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફતમાં મળેલા પાંચ ડૉલર કરતાં વધુ મૂલ્યવાન છે. હાર જીરવવાનું એને શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. જાણીતા ચિત્રકાર જતીન દાસની પુત્રી નંદિતા દાસે પિતા વિશે કહેલું કે બાબા હંમેશાં માનતા કે ક્યાં પહોંચવું એ અગત્યનું નથી પણ ત્યાં પહોંચવા માટે કરેલી સફર વધુ અગત્યની છે. સફળતાનો માપદંડ ક્યારેય પૈસા અને કીર્તિ નહોતાં. કામ એટલે એવી વસ્તુ જે હંમેશાં આનંદ

> બાળકના મનમાં એક પિતા તરીકેની ઉમદા ઇમેજ જાળવી રાખવી એ બહુ બહાદુરી માંગી લે છે

આપે, જિંદગીને વધારે અર્થસભર બનાવે. ગુલઝારની જીવનકથા 'બીકોઝ હી ઈઝ...'માં તેમની પ્રતિભાશાળી પુત્રી મેઘના પિતા વિશે લખે છે કે અમારા વિચારો ભિન્ન હતા છતાં પિતાએ તેમના અભિપ્રાયો કદી મારા ઉપર લાદ્યા ન હતા.

માતા મમતાની નદી છે, સંતાનો તેમાંથી સંવેદનો ઝીલે છે, પિતા તેને આત્મવિશ્વાસનું આકાશ અને દૃઢ મનોબળના મહાસાગરનો અહેસાસ કરાવે છે.

ઝૂમ ઇન

જેબ ખાલી હો ફિર ભી
મના નહિ કરતે દેખા
મૈંને પાપા સે અમીર
ઈન્સાન કભી નહિ દેખા

ઝૂમ આઉટ

બડે બેફિક્ર, બેપરવાહ
બેખૌફ હોકર ચલતે હૈ...
બચ્ચેં જબ પિતા કી
ઊંગલી પકડકર ચલતે હૈં

fb/jayesh thakrar wide angle

વહેમમાં લાગો છો

વહેમની એક અલગ જ દુનિયા છે. જોકે, વહેમમાં પડવું જેટલું સહેલું છે, તેટલું વહેમને સમજવું સહેલું નથી. સમાજમાં વહેમની જુદી જુદી અનેક ભાષાઓ અને પરિભાષાઓ પ્રચલિત છે. તમે ઘણી વાર સાંભળ્યું હશે- 'જોજે કોઈ વહેમમાં નહીં રહેતો,' આ વાક્યમાં કોઈ શત્રુ પોતાની ધમકીની તીવ્રતાને બતાવે છે. વળી, 'આને તો ફ્લાણા ફિલ્મસ્ટારનો વહેમ થયો છે,' અહીં વ્યક્તિની કોઈ સેલિબ્રિટીની કોપી કરવાની અદમ્ય ઈચ્છા અથવા અભિનિવેશને જણાવે છે. તદુપરાંત 'તમે કોઈ વહેમમાં પડતા નહીં,', 'વહેમની કોઈ દવા નથી,' વગેરે વાક્યો શંકા કે અંધશ્રદ્ધાને દર્શાવે છે.

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ભગવદ્‌ગોમંડલ અને અન્ય કોશો પણ વહેમને અંધશ્રદ્ધા, કુશંકા અને ભ્રમણા રૂપે સમજાવે છે. આ વ્યાખ્યા વધુ વ્યાપક લાગે છે. આમ, વહેમમાં પડવું એટલે અંધશ્રદ્ધા, શંકા કે ભ્રમણાના આધારે આચાર અને વિચારને અમલમાં મૂકવા. વહેમમાં માનવ ભૂતકાળ, વર્તમાન અને ભાવિની આપત્તિઓને નિવારવા એવી રીતિ અને નીતિનું આચરણ કરે છે, જેમાં શાસ્ત્ર, સિદ્ધાંત અને સત્પુરુષોનું પ્રમાણ નથી હોતું. વિજ્ઞાનની સીમાથી બહાર આવા અનેક મનઘડંત રિવાજો વ્યાપક બન્યા છે, જેમાં અતિ વિકસિત અને સમૃદ્ધ દેશો પણ બાકાત નથી.

અમેરિકામાં લોકો ૧૩નો અંક અપશુકનિયાળ ગણે છે. ત્યાંનાં કેટલાંય મકાનોમાં બારમા માળ પછી સીધો ચૌદમો માળ આવે, તો કેટલીય ઍરલાઈન્સમાં ૧૩ નંબરની સીટ જ જોવા ન મળે. જાપાનમાં તો આ પ્રમાણે ૪નો અંક અપશુકનિયાળ ગણાય છે. બલ્ગેરિયાના સોફિયાના એક સરોવરને અડનાર વ્યક્તિ આખું વર્ષ સ્વસ્થ રહે તેવી માન્યતાને લીધે સૌ કોઈ હોંશે હોંશે ઠંડા પાણીમાં ઝંપલાવે છે. અલબત્ત, આ દેશોમાં વહેમનો અગ્નિ માનસિક ત્રાસને વધુ નોતરે છે, પરંતુ ત્યાં વહેમ વિકાસમાં નડતરરૂપ થાય એવું ઓછું બને છે.

જ્યારે ભારતમાં તો બંને રીતે માર પડે છે. અહીં કોઈ વિધવા બહેન સામે મળે તો અપશુકન ગણાય છે. બિલાડી સામે આવે તો રસ્તો બદલી દેવામાં આવે છે. ઘરેથી બહાર નીકળતા જ જો છીંક આવે તો બહાર જવાનું પણ ટાળતા હોય છે. નવી ગાડી કે ઘર લેવામાં આવે ત્યારે નજર ના લાગે તે માટે લીંબુ અને મરચાં લટકાવતાં હોય છે. ઘરના ઉંબરે કોઈ ઘોડાની નાળ તો કોઈ મંત્રેલા ઢીંગલા લટકાવતાં હોય છે. કુંડાળામાં પગ પડી ગયો, ડાબો પગ પહેલાં બહાર મૂકવાથી દુ:ખ આવ્યું જેવા અનેક વહેમો આપણને મનથી અસ્થિર અને ભૌતિક દૃષ્ટિએ કંગાળ બનાવે છે.

આવી શુકન-અપશુકન કે છીંક-બિલાડી જેવી ખીંટીઓ પર પોતાનું જીવન ટીંગાડતા રહીને હજારો લોકોએ લાખો તકો ગુમાવી છે, લાખો લોકોએ કરોડો કલાકો આવી રીતે વહેમના કારાગૃહમાં વિતાવી દીધા છે. વધુ દુ:ખ તો ત્યારે થાય જ્યારે વહેમને શ્રદ્ધા અને અધ્યાત્મના આવરણ નીચે ખીલવવામાં આવે છે. આ બાબત બે રીતે ઘાતક છે. એક તો ધર્મની ધજા નીચે ચાલતી વહેમની વિધિમાં ગરીબ માણસો પણ લાખો રૂપિયાનો ધુમાડો કરતા અચકાતા નથી અને બીજું, નવી પેઢીમાંથી આધ્યાત્મિક શ્રદ્ધાની નનામી ઊઠી જાય છે.

> *'ભગવાન સિવાય કોઈ કોઈને મારવા, જિવાડવા કે દુ:ખ દેવા સમર્થ નથી. જો ટુચકાવાળાનું ચાલતું હોય તો રાજા લશ્કર શા માટે રાખે? એક ટુચકાવાળાને જ ન રાખે? માટે નિર્ભય રહી ભગવાનનાં ભજન કરજો.'*

ખરેખર, અહીં વહેમ શ્રદ્ધાની ભૂમિમાંથી જીવનરસ લઈને અંધશ્રદ્ધાનાં ફૂલ ખીલવે છે. પરિણામે તે વધુ જડ બને છે. વળી, આપણે ત્યાં જેટલા લાગણીશીલ અને પ્રેમી માણસો છે તેવા બીજે મળવા મુશ્કેલ છે, પરંતુ યાદ રાખીએ કે લાગણીશીલ ઉપજાઉ હૃદય-ધરતી ઉપર વહેમનો વિપુલ પાક ફ્ળતા વાર નથી લાગતી.

તેથી જ ભગવાન સ્વામિનારાયણે ૧૮૦૬ની સાલમાં હરિભક્તોને પત્ર લખતા જણાવેલું કે 'ભગવાન સિવાય કોઈ કોઈને મારવા, જિવાડવા કે દુ:ખ દેવા સમર્થ નથી. જો ટુચકાવાળાનું ચાલતું હોય તો રાજા લશ્કર શા માટે રાખે? એક ટુચકાવાળાને જ ન રાખે? માટે નિર્ભય રહી ભગવાનને સર્વ કર્તાહર્તા સમજી ભજન કરજો.' આ સાચી શ્રદ્ધા છે. તમામ ધર્મોનો પણ આ જ મત છે કે ક્ષુલ્લક બાબતોથી ગભરાવું છોડીને એક ભગવાનમાં શ્રદ્ધા દૃઢ કરીએ.

sanskar@sandesh.com

અગ્નિપથના પથિકો

+ વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

રાતના ૧૨ વાગ્યા છે. ઘરના અન્ય સભ્યો સૂતા છે, પણ ૨૦ વર્ષનો કૉલેજિયન બંટી હજી જાગે છે. ટીવી પર મનગમતી મૂવી જોવામાં એનાં આંખો અને કાન એકતાર થઈ ગયાં છે. ત્યાં જ ડોરબેલ વાગે છે. બંટી અનિચ્છાએ દરવાજો ખોલે છે. બંટીના પપ્પા થાક્યા-પાક્યા ઉદાસ ચહેરા સાથે ઘરમાં પ્રવેશે છે. સોફા ઉપર બેસતાં બેસતાં બંટીની સામે જોઈ કહે, "બેટા, એક ગ્લાસ પાણી લઈ આવ તો!" ક્ષણના પણ વિલંબ વગર બંટી બોલ્યો, "અત્યારે ફિલ્મનો ક્લાઈમેક્સ ચાલી રહ્યો છે. પપ્પા! તમે જાતે લઈ લોને!" પપ્પાનો જવાબ એના કાન સુધી પહોંચે તે પહેલાં બંટી ટીવી સુધી પહોંચી ગયો.

આ દશ્ય કોઈ એક ઘરનું નથી. આવા ઘણા બંટીઓનાં દર્શન તમે પણ કર્યાં હશે. આજના આધુનિક રંગમાં રંગાયેલા યુવાનોનાં આવાં વાગ્બાણ ઘણાંએ ઝીલ્યાં પણ હશે; "તમે જાતે કરી લો! મને ટાઈમ નથી! મને નહીં ફાવે! આ કામ મારું નહીં! હું મારું કરું કે તમારું?" આ એ કર્કશ સૂરો છે જેને આજના વડીલો રોજ સાંભળે છે અને પ્રત્યુત્તરમાં બસ નિ:સાસો નાંખે છે.

મહાન આદર્શોથી દૂર આજની આ પેઢીને વચનપાલનનું મહત્ત્વ કોણ સમજાવશે? કોણ કહેશે એમને કે આ એ ભારત ભૂમિ છે કે જ્યાં પિતાના એક વચન માટે રામચંદ્ર ભગવાને ૧૪ વર્ષનો વનવાસ સ્વીકારી લીધો. આ એ ભારતભૂમિ છે જ્યાં પિતા ઉદ્દાલકના એક વચને બાળ નચિકેતા યમસદન જવા તૈયાર થઈ ગયો. વળી, એકલવ્યે તો ધનુર્વિદ્યાના પ્રાણસમો જમણો અંગૂઠો જ ગુરુવચનની વેદીમાં હોમી દીધો! શું આ લોકોને મનગમતા વિષયો કે પ્રવૃત્તિમાં રોકાઈને આનંદ-મોજ નહીં માણવી હોય?

નિસંદેહ, કોઈના વચનના આધારે પોતાની મનગમતી વસ્તુ કે પ્રવૃત્તિ છોડવી એ અગ્નિપથ પર ચાલવા જેવું કઠણ છે. પરંતુ કહેવાયું છે કે 'If you want to fly in the sky, you have to leave the earth.' જો ઊંચાઈ પર પહોંચવું હોય તો પછી નીચી વસ્તુનો ત્યાગ અનિવાર્ય છે.

હા, આ અગ્નિપથ પર ચાલવું કાંઈ બ્રેડ-બટર કે બિસ્કિટ મોંમાં મૂકવા જેવું સહેલું નથી! આ તો જેને ફૂલોની બિછાવેલી સેજ છોડીને આજ્ઞાપથના ધગધગતા અંગારા પર ચાલવાની તૈયારી હોય, કોઈ મહાન બાબત માટે પોતાના ક્ષુલ્લક સ્વાર્થોને હોમવાની તત્પરતા હોય, ત્યારે જ તે ઇતિહાસમાં નોંધ પામે છે, કેમ કે જ્યારે હૈયું વિપ્લવની અવસ્થામાં હોય, મન માનતું ન હોય, આંખોમાં સુરક્ષિત ભવિષ્યનાં સપનાઓ સળવળતાં હોય ત્યારે વડીલ, ગુરુ કે ઇષ્ટદેવની આજ્ઞામાં ઝોળિયાં પારેવાંની જેમ ઝંપલાવવું એ આ અગ્નિપથિકોની વિશેષતા છે.

૧૧૦ વર્ષ પહેલાંની આ વાત છે. સારંગપુર સ્વામિનારાયણ મંદિરનું બાંધકામ ચાલતું હતું. એક વાર સાત દોરડે બાંધેલો ૧૫૦ મણનો પથ્થર મંદિરના ઘુમ્મટ તરફ ચડી રહેલો. અચાનક તડાતડ છ દોરડાં પળવારમાં તૂટી ગયાં. મહાકાય પથ્થર માત્ર એક દોરડાના આધારે ૪૦ ફૂટ જેટલી ઊંચાઈ પર લટકી રહ્યો હતો. ગુરુ શાસ્ત્રીજી મહારાજને સમાચાર અપાયા. તેઓ આવી પહોંચ્યા. પળવારમાં જ

> *નિસંદેહ, કોઈના વચનના આધારે પોતાની મનગમતી વસ્તુ કે પ્રવૃત્તિ છોડવી એ અગ્નિપથ પર ચાલવા જેવું કઠણ છે. પરંતુ કહેવાયું છે કે જો ઊંચાઇ પર પહોંચવું હોય તો પછી નીચી વસ્તુનો ત્યાગ અનિવાર્ય છે*

પરિસ્થિતિ પામી ગયા. ત્યાં જ બાજુમાં ઊભેલા પાર્ષદ સોમા ભગતને આજ્ઞા કરી: 'ભગત! પથ્થર પર ચઢો. દોરડાં બાંધી દો!' આ તો મોત સાથેની રમત હતી. કુરબાનીનો કસબ બતાવવાનો હતો. જાનની બાજી લગાવી સોમા ભગત મંદિર પર ચડ્યા અને કુદ્યા સીધા પથ્થર પર ! જોનારના શ્વાસ થંભી ગયા, નીચે કંપી પર પથ્થર બાંધેલાં દોરડાં ખેંચીને પકડી રાખનાર ૨૦ ભક્તોને જોરથી આંચકો લાગ્યો. શું આ એક દોરડું પણ તૂટ્યું? પણ સોમા ભગતે ગુરુની આજ્ઞાના બળથી છએ દોરડાં યોગ્ય રીતે બાંધ્યાં અને સડસડાટ નીચે ઊતરી ગયા! ઊંચો અભય હસ્ત કરી ઊભેલા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને આજ્ઞાપથના આ પથિકને સૌ વંદી રહ્યા.

આ અગ્નિપથિકોની હિમ્મતમાંથી આપણે પણ શીખવા જેવું નથી લાગતું?

sanskar@sandesh.com